# તલોદમાં ઠેર-ઠેર દુંદાળાદેવની જળસમાધી સાથે અશ્રુભીની વિદાય

તલોદ, તા. ૫

તલોદમાં ગણેશ ચતુર્થીથી સતત દસ દિવસ સુધી ગણેશમય માહોલમાં વિસર્જન સમયે વહેલી સવારથી જ દુંદાળા દેવની પૂજા અર્ચન કરી મહાઆરતી સાથે પ્રસાદી વહેંચી વિદાયગીરી અપાઈ હતી. ઠેર ઠેર વરઘોડા કાઢી ડી.જે. સાઉન્ડના તાલે અલગ અલગ ગ્રુપોવાઈઝ ભક્તિમય માહોલમાં વિવિધ કરતબો સાથે દુંદાળાદેવની નગરયાત્રા કરી જળસમાધી અપાઈ હતી. વિસ્તારો, મહોલ્લાઓ શેરીઓ અને ઘરગથ્થુ અસંખ્ય માનવ મહેરામણ વચ્ચે રિદ્ધિ-સિદ્ધિના દાતાનો ભાવભિનો વિસર્જન કરી આયોજકો દ્વારા મહાપ્રસાદ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

તલોદમાં ગણપતિદાદાનું પૂજન માણેકલાલ માસ્તરની ચાલી મઠ વિસ્તાર, પગી વિસ્તાર, એકલિગેશ્વર મહાદેવ, કચ્છી સમાજવાડી, ટીઆરચોક, લહેરપુરા, પંચવટી વિસ્તાર, બળીયાદેવ ચાલી, વણઝારાવાસ, કલાલની ચાલી, રેલવે સ્ટેશન સામે, વલ્લભકુંજ, સર્વોદય સોસાયટી, મહિયલ અંબિકાનગર સહિત અનેક ઘરગથ્થુ પણ બાપા મોરિયાની પૂજા-અર્ચના કરી નજીકના તળાવોમાં ગળાડૂબ પાણીમાં અશ્રુભીની વિદાય આપી હતી. જેમાં લાકડીઓ, તલવારોના કરતબો, ભજન મંડળીઓ રાસ-ગરબા, બ્રેકડાન્સ વિવિધ સંગીતમય વાતાવરણથી તમામ ગ્રુપો અલગ અલગ વસ્ત્રોથી સજ્જ થઈ યુવા મંડળો ગણેશમયમાં જોડાયા હતા. જેમાં ક્ષત્રિય યુવક મંડળ દ્વારા ઘણીજ મોટી સંખ્યામાં લાકડીઓ, તલવારોની કરતબો સાથે નાચ-ગાન નૃત્યો કરતા કરતા બાપા મોરિયાના ગગનભેદી સ્વદેશી મહારાષ્ટ્રની જેમ તલોદ શહેર પણ દુદાળાદેવથી ગુંજી ઉઠ્યુ હતુ. સતત દસ દિવસના આ મહોત્સવથી પાર્વતી પુત્ર ગણેશજીનો આગમનો કરી તેની વિદાય આપવામાં ભક્તો અશ્રુભીની આંખે ખચકાતાં વિદાય આપી હતી. શહેરના જાહેરમાર્ગો પર ફટાકડા ફોડી, આતશબાજી સાથે ગુલાલભર્યા વાતાવરણમાં ગણેશપૂજન વિસર્જન કરાયુંહતું. દરેક આયોજકોએ પૂર્ણાહુતિમાં રાત્રે મહાપ્રસાદ સાથે ધન્યતા અનુભવી હતી.



# અરવલ્લી જિલ્લામાં ઉલ્લાસપૂર્વક ગણેશ વિસર્જન

અરવલ્લી, તા. ૫

સર્વ શુભ કર્યોની શરૂઆત વિઘ્નહર્તા ગણેશ ભગવાનની ભક્તિ અને આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતા ગણેશ મહોત્સવની દસ દિવસ સતત ભકિતભાવ પૂર્વક ઉજવણી કરી મંગળવારે અરવલ્લી જિલ્લામાં ઠેર-ઠેર અબીલ ગુલાલની છોળો, બેન્ડવાજા અને ડી.જે ના તાલે ગણપતિ બાપ્પા મોર્યા અગલે બરસ તું જલ્દી આના નાદ સાથે ભકિતભાવ પૂર્વક વિર્સજન યાત્રા યોજી ગણપતિ દાદાનું વિસર્જન કરી ભાવ વિભોર વિદાય આપવામાં આવી હતી. જિલ્લામાં વિસર્જન પર્વમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

હતી. ગણેશચતુર્થીના દિવસે સ્થાપના થયા બાદ દસમા દિવસ સુધી સતત દુંદાળા દેવની પૂજા અર્ચના કરી મંગળવારે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે ડી.જે, બેન્ડવાજા અને ભજન મંડળીઓના ગીત સંગીતના તાલે વાજતે ગાજતે વિશર્જન યાત્રા કાઢી નજીકમાં આવેલ જળાશયો, નદીઓ કે સરોવરમાં મુખ્યમથક મોડાસા શહેરમાં રામપાર્ક રાજા, મેઘરજ રોડ યુથ જંક્સન, રિદ્ધિ સિદ્ધિ મનોકામના યુવકમંડળ, સાંઈ ગ્રુપ ઓધારી યુવક મંડળ, કડીયાવાડા, ભોઈવાડા, સોનીવાડા યુવક મંડળ દ્વારા તેમજ નગરજનોએ ધંધા રોજગારના સ્થળોએ, રહેણાંક સોસાયટીઓના મેદાનમાં તેમજ ઘરમાં સ્થાપના



અરવલ્લી જિલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહીત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ ગણેશચતુર્થીના પવન દિવસે વાજતે ગાજતે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી કરાયેલા શ્રીજી ભગવાનની સતત દસ દિવસ સુધી પૂજા, અર્ચના, આરતી, ભજન કીર્તન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સ્પર્ધાઓનું આયોજન કરી ગણેશજીના ભક્તોએ, નગરજનોએ અને યુવક મંડળોએ ભક્તિમય વાતાવરણની આહલાદક અનુભૂતિ અનુભવી હતી. ગણેશજી ભગવાને ભક્તોનું દસ દિવસ આતિથ્ય માણ્યા બાદ મંગળવારે મોડાસા શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં વિસ્તારોમાં ઢોલ નગારા તેમજ ડીજેના તાલે વિસર્જનયાત્રા નીકળતા શહેરના મોટી સંખ્યામાં નગરજનોએ ગણપતિ બાપા મોરિયા અને અગલે બરસ તુ જલ્દી આના બાપ્પા મોરિયા રે બાપ્પા મોરિયા રે તેમજ ગણપતિ બાપ્પા મોરિયા પડુચ્યા વરસી લાવકારયના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

બપોરના એક વાગ્યા બાદ ધીરે ધીરે ગણપતિદાદાની પ્રતિમાઓ પંડાલમાંથી વિસર્જન તરફ પ્રયાણ થતા સ્વયંભૂ નગરજનો વિશર્જનયાત્રામાં જોડાઈ ગયા હતા. વિશર્જનયાત્રા શાંતિપૂર્ણ યોજાય તે માટે મોડાસા ટાઉન પોલીસે વિશર્જનયાત્રાના માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ગણેશજીની પ્રતિમાને વીસર્જન સમયે ભક્તોની આંખો ભીની થયી ગયી હતી અને ભારે હૈયે ભાવવિભોર બની પરત રહેઠાણ સ્થળોએ ફર્યા હતા.

ત્રીસમા વર્ષે પણ મોટી ઈસરોલ ગ્રામજનો, યુવાનો દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરાઈ હતી. ગણેશચતુર્થીના દિને ગણપતિજીનો મૂર્તિની સ્થાપના કરી દસ દિવસ રોજ સવારે સાંજ આરતી, પૂજન-અર્ચન અને રોજ રાત્રે ભજન કીર્તનના કાર્યક્રમો સાથે ઉજવણી કરીને આજે અનંતચૌદશે મોટી ઈસરોલથી વાયા નાની ઈસરોલ થઈને પોલીસ બંદોબસ્ત સાથે વાજતે ગાજતે વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી અને બે કિલોમીટર દૂર મેશ્વો નદીમાં પધરાવી વિઘ્નહર્તાની મૂર્તિનું ગણપતિ બાપ્પા મોરિયાના જય નાદ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું.





# કહોડા-વિસનગર માર્ગ પર ભૂણાવ પાસે રીક્ષા પલ્ટી ખાતા મહિલાનું મોત

ઊંઝા તાલુકાના કહોડાથી વિસનગર તરફના રોડ પર ભૂણાવ પાસે એક ઓટોરીક્ષા પલ્ટી ખાઈ જતાં અંદર બેસેલ મુસાફરો પૈકી એક યુવતીનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. જયારે ચાલક અને અન્ય મુસાફરોને ઈજાઓ થઈ હતી. સિદ્ધપુર તાલુકાના દેવાલી ગામના વિષ્ણુજી કુંવરજી ઠાકોર ઓટોરીક્ષા નં. જીજે. ૨.ટીટી.૫૫૯૯ હંકારીને કહોડાથી વિસનગર તરફના માર્ગેપસાર થઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ભૂણાવ ગામ પાસે અચાનક કૂતરૂ આવી જતા ઓટોરીક્ષા ચાલકે અચાનક બ્રેક મારતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી અંદર બેઠેલ મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ હતી. જે ઈજાગ્રસ્તો પૈકી ઠાકોર ગીતાબેન કિરણજી ઉં.વ. ૨૩ને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેણીનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. દેવળીના અલ્પાબેન ઠાકોરની ફરિયાદ આધારે ઊંઝા પોલીસે ઓટોરીક્ષા ચાલક વિષ્ણુજી ઠાકોર વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માલપુરના પહાડીયા ગામે ૫૦૦ મીટર સી.સી. રોડમાં કોન્ટ્રાક્ટરે ગેરરીતિ આચરતા વિજિલન્સ તપાસની માંગ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલ વિકાસના કામોની ગ્રાન્ટમાંથી બનતા ડામોર રોડ અને સી.સી. રોડ બનાવતા કોન્ટ્રાક્ટરો અને કર્મચારીઓની મીલીભગતથી ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો અને હલકી કક્ષાના રોડ બનાવવામાં આવતા હોવાના વારંવાર માલપુર તાલુકાના પ્રજાજનો બૂમો પડી રહ્યા છે ત્યારે માલપુરના માલજીના પહાડીયા ગામે કોન્ટ્રાક્ટરે બનાવેલ ૫૦૦ મીટર સી.સી. રોડમાં કર્મચારીઓની મીલીભગતથી ભ્રષ્ટાચાર આદરી વર્ક ઓર્ડર પ્રમાણે રોડ ના બનાવના આક્ષેપ સાથે રાજ્યના માર્ગે અને મકાન વિભાગ મંત્રીને લેખિત રજુઆત કરી કોન્ટ્રાક્ટર અને જવાબદાર લોકો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

માલપુર તાલુકાના માલજીના પહાડીયા ગામે મુખ્ય ડામર રોડ તોડી ૫૦૦ મીટરનો સી.સી.રોડ કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવ્યો હતો જેમાં કોન્ટ્રાક્ટરે કર્મચારીઓ સાથે મળી ભ્રષ્ટાચાર આદરી વર્ક ઓર્ડર પ્રમાણે કામ કરવામાં આવ્યું નથી તેમજ સી.સી.રોડ ની સાઈડમાં બ્લોક પૂરતા પ્રમાણમાં નાખવામાં આવ્યા નથી અને રોડ સાઈડમાં નાખવાના બ્લોક મળતિયાઓના ઘર આગળ લગાવી દઈ હલકી કક્ષાના મટેરીયલનો ઉપયોગ કરી રોડ બનાવતા નવો બનાવેલ ૫૦૦ મીટર સી.સી રોડ પાંચ મહિનાના ટૂંકા ગાળામાં તૂટી જતા અને પ્રથમ વરસાદમાં ભુવા પડતા ગામ લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. ગામમાં જવા માટે એકજ રોડ હોવાથી પ્રજાજનો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાથી માલપુર તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, ચીફ એન્જીનીયર પી.ડબ્લ્યુ.ડી, મંત્રી માર્ગે અને મકાન વિભાગ, ગાંધીનગર ને લેખીત રજુઆત કરી કોન્ટ્રાક્ટર અને આ કૌભાંડમાં સંડોવાયેલા કર્મચારીઓ વિરુદ્ધ કાયદેસરના પગલાં ભરવાની માંગ સાથે ક્વોલિટી કંટ્રોલ અને વિજલન્સ દ્વારા ઊંડી તપાસકરવામાં આવે તો ઘણા અધિકારીઓની પોલ ખુલે તેમ છે અને વોર્ક ઓર્ડર પ્રમાણે રોડ નહિ બને તો ગામ લોકો માર્ગ અને મકાન કચેરી માલપુર આગળ ગાંધી ચિંધ્યા માર્ગેઆંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.





## પ્રાંતિજ આંટીયાવાસ ખાતે ગણેશ યાગ યોજાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લાલ બાદશાહના દરબારમાં ગણેશ યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ લાડુ યજ્ઞમાં આહૂતિ આપવામાં આવી હતી. પ્રાંતિજ નાનીભાગોળ આંટીયાવાસ યુવક મંડળ દ્વારા નવમો ગણેશ મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે. જેમાં આ વર્ષે ગણેશ યુવક મંડળ દ્વારા સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમોની સાથે ગણેશ યાગ (યજ્ઞ)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણેશ ચોકમાં યજ્ઞ કુંડ બનાવી યજ્ઞના યજમાન સાથે ૧૧ બ્રાહ્મણો દ્વારા યજ્ઞ યોજાયું હતું જેમાં દાદાને પ્રિય એવા ૧૦૦૮ લાડુઓ બનાવી યજ્ઞમાં હોમવામા આવ્યાં હતા. આ પ્રસંગે આંટીયાવાસ યુવક મંડળ સહિત ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી યજ્ઞનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

# મોડાસાની ખડાયતા સોસાયટીમાં ભરાયેલું વરસાદી પાણીથી પારાવાર હાલાકી

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટરનું નિર્માણ કરવા છતાં વરસાદ વરસતાની સાથે જ ઠેર-ઠેર વરસાદી પાણી ભરાઈ જતા શહેરીજનોની હાલત કફોડી બની જાય છે. રવિવારે કડીયાવાડા રોડ પર આવેલી ખડાયતા સોસાયટીના રહીશોએ સોસાયટીમાં ભરાયેલ વરસાદી પાણી ગટરમાં નિકાલ કરવાને બદલે રોડ પર ઠાલવતા કડીયાવાડા રોડ પર ઢીચણ સમા પાણી ભરાતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને દર્દીઓ અને શહેરીજનોની હાલત કફોડી બની હતી. નગરપાલિકા તંત્ર દ્વારા રોડ પર ભરાયેલ માનવસર્જિત પાણીનો નિકાલ કરવા ભારે જહેમત ઉઠાવી હતી.

મોડાસા બસ સ્ટેન્ડ સામે અને કડીયાવાડા રોડ પર આવેલી ખડાયતા સોસાયટીના મકાનો નીચાણવાળા વિસ્તારમાં હોવાથી એકાદ ઈંચ વરસાદ પડે તો પણ બેટમાં ફેરવાયી જાય છે ત્યારે ચાલુ સાલે વરસેલા ધોધમાર વરસાદથી પાણી ભરાતા નગરપાલિકાતંત્ર દ્વારા પમ્પીંગ મશીનો દ્વારા પાણી ઉલેચી રહ્યું છે. ત્યારે રવિવારે સોસાયટીના રહીશોએ સોસાયટીમાં ભરાયેલ પાણી મશીનો લગાવી ઉલેચી કડીયાવાડા રોડ પર ઠાલવતા કડીયાવાડ માર્ગે તળાવમાં ફેરવતા રોડ પર આવેલી ૭ હોસ્પિટલો અને દુકાનો અને શોપિંગ સેન્ટરો આવેલા હોવાથી સારવાર માટે આવતા દર્દીઓ, ખરીદી માટે આવતા ગ્રાહકો અને કડીયાવાડા માર્ગે પરથી પસાર થતા કડીયાવાડા, ભાવસારવાડા, ચોરા અને મોડાસાના જુના વિસ્તારમાં રહેતા લોકો અને વાહનચાલકોને ભારે હાલાકી અનુભવી હતી અને મુસાફરોએ ઢીંચણસમાં પાણીમાંથી પસારથવુ પડતું હોવાથી ભારે રોષ ફેલાયો હતો.

આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર પારેખને પ્રજાજનોએ માર્ગે ભરાયેલા પાણીથી પડતી હાલાકી અંગે ટેલિફોનિક જાણ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ દ્વારા કરતા તાબતોડ માર્ગે પર ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થા ઉભી કરી પાણીનો નિકાલ કર્યો હતો અને જણાવ્યું હતું કે ચાલુ સાલે વધુ વરસાદથી પાણીના સ્તર ઊંચા આવતા જમીનમાંથી પરા ફૂટતા ખડાયતા સોસાયટીમાં વરસાદી ભરાયેલ પાણી ઉલેચવા પંપીંગ મશીન દ્વારા સતત પાણીનો નિકાલ ગટરમાં કરવામાં આવી રહ્યો છે.



## પ્રાંતિજ શાળા નં-૨ ખાતે જ્ઞાન કુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ પ્રાથમિક શાળા નંબર-૨માં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ બસસ્ટેન્ડ પાસે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-૨ ખાતે જિલ્લા શિક્ષણ સમિતિ સાબરકાંઠા ટેકનોલોજીના ઈનોવેટીવ ઉપયોગથી વિદ્યાર્થીઓને ડિજીટલ શિક્ષણ મળી રહે તે માટે શાળામાં પાંચ સપ્ટેમ્બર શિક્ષણ દિનના દિવસે શાળાની અંદર જ્ઞાનકુજ કલાસ રૂમ બનાવવામાં આવ્યો છે જેનું લોકાર્પણ લાયઝન અધિકારી તથા પ્રાથમિક તાલુકા શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૭ અને ધોરણ-૮ ના બાળકોને લેપટોપ ઈન્ફોપ કેમેરા અને ઈ-કન્ટેન્ટની મદદથી સ્માર્ટ બોર્ડથી ઈન્ટરેકિટવ બનાવવામાં આવ્યો છે. જેમાં લોકાર્પણ ઉપસ્થિત શિક્ષકો તથા ધો-૭ અને ૮ના વિદ્યાર્થીઓ વાલીઓને ડિજિટલ શિક્ષણ અંગેનું માર્ગ દર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ જયારે આ પ્રસંગે શાળાનાં આચાર્ય કિશનસિંહ તથા શાળા સ્ટાફ તથા એસ.એમ.સી.ના સભ્યો વાલીઓ અને શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને માર્ગદર્શન મેળવ્યું હતું.

## ઉમેદપુર દધાલીયા ગામે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાયો

અરવલ્લી, તા. ૫

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલીયા ગામે છેલ્લા ૨૫૦ વર્ષોથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાય છે. લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભુ ખંડુજી મહાદેવજીના મંદિરે દર્શન કરવા માટે આવે છે.

આજે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો મેળો ભરાયો હતો. જેમાં મોડાસા માલપુર મેઘરજ શામળાજીથી લોકો મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ગામ લોકો ધ્વારા આવેલા લોકો માટે ચા નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સ્વયંભુ ખંડુજી મહાદેવજી ભગવાનના આ મેળામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. સાથે ભજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મેળામાં લોકો મોટી સંખ્યામાં મેળાની મજા માળી હતી.

# રામદેવ સેવા સમિતિ મોટી ઈસરોલ દ્વારા પોસાલીયામાં ગુજરાતી વિસામાનું મહાઆરતી સાથે સમાપન

મોડાસા,તા.૫

અરવલ્લી રામદેવ સેવા સમિતિ, મોટીઈસરોલ દ્વારા સતત બીજા વર્ષે પોસાલીયા રામદેવ સેવા સમિતિના સહયોગથી પોસાલીયામાં ૮-૮-૧૭ થી ૩૧-૮-૧૭ સુધી આયોજિત ભંડારાનું મહાઆરતી સાથે સમાપન થયું હતું. ૨૩ દિવસીય આ વિસામામાં ૪૦ હજારથી વધુ યાત્રિકોએ ભોજન પ્રસાદ સહિતની સુવિધાનો લાભ લીધો હતો.

રણુજા જતા પદયાત્રી સહિત તમામ યાત્રિકો માટે ચા-નાસ્તો, ભોજન, રાત્રી રોકાણ, મેડિકલ સેવા સહિતનો વિસામો-ભંડારો પોસાલીયામાં(સિરોહી નજીક પાલી રોડ, રાજસ્થાન) ચાલી રહેલા આ ભંડારાનું પોસાલીયા સરપંચ રાજેન્દ્રકુમાર માલીની અધ્યક્ષતામાં થયું. પૂ. હીરાદાદાના આશીર્વાદ પ્રેરણાથી કુલ ૧૭ વર્ષથી ચાલતા વિસામા પૈકી બે વર્ષથી પોસાલીયા ગ્રામજનોના ઉમદા સહયોગ-સેવાભાવથી પોસાલીયામાં હાઈવે ઉપર ચલાવવામાં આવે છે.

ભંડારા સમાપન સમારોહનું પોસાલીયા નિવૃત્ત આચાર્ય હમીરસિંહ રાવે કર્યું હતું અને સહયોગીઓ બિરદાવી ફુલહાર અને સાફાઓ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો, યુવાનો, માતાઓ, બહેનો સૌ ગ્રામજનોએ મહાઆરતીનો લાભ લઈ મહાપ્રસાદ સાથે ભંડારાનું સમાપન કરવામાં આવ્યું હતું.

સમાપન અવસરે સરપંચ ઉપરાંત ટેન્ટ સેવાધારી ઉમેદજી, નિઃશુલ્ક મિનરલ વોટર સેવા આપનાર નિવૃત્ત સનદી અધિકારી દેવારામજી, ટેન્કર સેવાધારી મહોબતસિંહજી અને જમીન સેવા આપનાર હરીશસિંહ બાપુનું સાફો તેમજ ફુલહારથી વિશેષ સન્માન કરાયું હતું. સ્થાનિક મેનેજર અને આ સેવામાં સતત ખડેપગે રહેલા બિટુભાઈ શાહ, નિવૃત્ત આચાર્ય, વરિષ્ઠ સ્થાનિક પત્રકાર હમીરસિંહજી રાવ, ભોલે કાલુરામ મહારાજ, નરપાતસિંહ, શેતાનસિંહ, લાડુરામ, પોખરાજજી, રાજુભાઈ માલી, ઈન્દ્રસિંહ રાવ, પેમારામ, ભુરજી, રસોયા મહારાજ સોહનજી, ગામના પૂર્વ સરપંચ અન્ય સહયોગી સેવધારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિસામા સંચાલક પ્રભુદાસ પટેલે પોસાલીયા ગામના તમામ વડીલો, યુવાનો, બહેનો, બુઝુર્ગોનું તેમની સરાહનીય સેવાઓ માટે તમામ પ્રત્યે હૃદયથી આભારની લાગણી વ્યક્ત કરવા સાથે આગામી વર્ષેપણ આવો જ સહકાર મળી રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

